| | |
|---|---|
| | # ગુજરાત જાહેર સેવા આયોગ |

## આયોગ દ્વારા હાથ ધરવામાં આવતી સીધી પસંદગીથી ભરતી અન્વયે પસંદગી માટે જરૂરી લઘુત્તમ ગુણ (લાયકી ધોરણ) રદ કરવા બાબતે.

આયોગ ધ્વારા યોજવામાં આવતી સીધી પસંદગીથી ભરતી અન્વયે વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યા પર પસંદગી માટે કુલ ૧૦૦ ગુણ પૈકી ઉમેદવારોએ મેળવવાના જરૂરી લઘુતમ ગુણ ( લાયકી ધોરણ) આયોગ ધ્વારા વર્ષ ૧૯૮૧ થી નક્કી કરવામાં આવેલ હતા. પ્રવર્તમાન લાયકી ધોરણો નીચે મુજબ છે.

| વર્ગ(Category) | લઘુતમ ગુણ (લાયકી ધોરણ) |
|---|---|
| બિન અનામત | ૫૦ ગુણ |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અનુસૂચિત જાતિ/ અનુસુચિત જનજાતિ | ૩૫ ગુણ |

જો જાહેરાતમાં દર્શાવેલ અનામત જગ્યાની સંખ્યા સામે પુરતી સંખ્યામાં મહિલા/માજી સૈનિક/શારીરિક રીતે અશક્ત ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ ન થતો હોય તો , સંબંધિત કેટેગરીના લઘુતમ ગુણના ૧૦% જેટલુ ધોરણ હળવુ કરીને અનામત જગ્યાઓ સામે મહિલા/માજી સૈનિક/શારીરિક રીતે અશક્ત ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવે છે.

હવે, આયોગ ધ્વારા તા. ૦૧/૦૮/૨૦૧૬ અને ત્યાર બાદ પ્રસિધ્ધ કરવામાં આવેલ સીધી પસંદગીથી ભરતી અન્વયેની જાહેરાતો માટે આખરી પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારોએ પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણના ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના ૫૦% ગુણભાર ધ્યાને લેવામાં આવે છે

જે જગ્યાઓ પર સ્પર્ધાત્મક પરીક્ષા/ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે ભરતી કરવામાં આવે છે, ત્યાં તેના પરીક્ષા નિયમોમાં આવા લઘુતમ લાયકી ધોરણની કોઇ જોગવાઇ હોતી નથી, ***આથી આ પરીક્ષા નિયમોની જેમ જ આયોગ ધ્વારા હવે જ્યારે આખરી પસંદગી માટે પ્રાથમિક કસોટી તેમજ રૂબરૂ મુલાકાતના ગુણ ધ્યાને લેવામાં આવે છે , તેવા સંજોગોમાં સીધી પસંદગીથી ભરતી માટે લઘુતમ ગુણ (લાયકી ધોરણ) ની જોગવાઇ આયોગ ધ્વારા રદ કરવામાં આવે છે.***

***સીધી પસંદગીથી ભરતી અન્વયેની પ્રસિધ્ધ થયેલ જે જાહેરાતો અન્વયે પ્રાથમિક કસોટી અને/અથવા રૂબરૂ મુલાકાત હજુ સુધી યોજાયેલ નથી તે જાહેરાતો માટે તથા તા. ૦૧/૦૪/૨૦૧૮ અને ત્યારબાદ પ્રસિધ્ધ થનાર સીધી પસંદગીથી ભરતી અન્વયેની તમામ જાહેરાતો માટે આ જોગવાઇ લાગુ પડશે.***

જો જાહેરાતમાં દર્શાવેલ અનામત જગ્યાની સંખ્યા સામે પુરતી સંખ્યામાં મહિલા/માજી સૈનિક/શારીરિક રીતે અશક્ત ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ ન થતો હોય તો , સંબંધિત કેટેગરીના કટ ઓફ માર્ક્સના ૧૦% જેટલુ ધોરણ હળવુ કરીને અનામત જગ્યાઓ સામે મહિલા/માજી સૈનિક/શારીરિક રીતે અશક્ત ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

તા. ૩૧/૦૩/૨૦૧૮.